ફોજદારી કેસ નંબર:– ૩૪૨૮/૨૦૦૪

આંક:૧ લગત હુકમ.

ફરિયાદીની ફરિયાદ વંચાણે લીધી. હાલની ફરિયાદ ૨૦૦૪ ના વર્ષમાં દાખલ કરેલ છે. ત્યારબાદથી આજદિન સુધી હાલની ફરિયાદની કાર્યવાહી આગળ ચલાવવા ફરિયાદપક્ષે કોઈપણ નોંધપાત્ર તજવીજ હાથ ધરેલ નથી તેથી ફરિયાદીને આ કામે સમન્સ કરવામા આવતા ફરિયાદી બીપીનભાઈ કરશનભાઈ પટેલનું તા.૫/૧૧/૧૧ ના રોજ મરણ થયેલ હોય તે અંગેનું મરણનું પ્રમાણપત્ર રજુ થયેલ છે જે ધ્યાને લીધેલ. ત્યારબાદ આ કામે ફરિયાદીના વારસોને પણ નોટિસ કરવામા આવેલ છે જે બજી ગયેલ છે છતા તેના વારસો તરફે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં કોર્ટમાં હાજર થયેલ નથી તેમજ તેઓ તર્ફે કોઈ મુખત્યાર હાજર રહેલ નથી જેના કારણે ફરિયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયીક નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. તેવા સંજોગોમાં હાલની ફરિયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

:: આ ખ રી હુ ક મ ::

ફરિયાદીની ફરિયાદ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તારીખ ૦૯.૦૩.૨૦૧૯ નાં રોજનાં ડિસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી, રાજકોટનાં પત્ર ક્રમાંક નંબર ૪૧/૨૦૧૯, તારીખ ૦૫.૦૨.૨૦૧૯ નાં હુકમ અનુસાર સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

રાજકોટ
તા.૯/૩/૨૦૧૯

(એન.એચ.વસવેલીયા)
ચોથા એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ
રાજકોટ
(UIC-GJ-00761)